<u>નામદાર શ્રી ચોથા  અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલતમાં,</u>
<u>ભુજ (કચ્છ).</u>

**ફોજદારી કેસ નંબર : ૪૦૪૪/૨૦૨૫**

**<u>આંક :– ૯ / બી</u>**

શ્રી સરકાર.....                                   ફરીયાદી.

**વિરૂધ્ધ**

સદામહુસેન અબ્દુલ સહમત,
હાલે રહે. સુર્યા એમ્પેક્સ, મીઠી રોહર, ગાંધીધામ
મુળ રહે. મનપુરા, પો.તડવા મગપાલ,
તા.દરીયાપુર, જી.છપરા સારંગ, બિહાર                   આરોપી.

**ગુન્હો :–** બી.એન.એસ.કલમ ૧૦૫, ૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબ

**<u>–: કમીટલ હુકમ :–</u>**

(૧) સદરહુ કામે ચાર્જશીટ માનકુવા  પોલીસ સ્ટેશન તરફથી રજુ થયેલ છે. આ કામના આરોપી સામે આક્ષેપાયેલ ત્હોમત લક્ષમાં લેતાં, બી.એન.એસ.કલમ ૧૦૫, ૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪  મુજબનું છે.

(૨) આ કામનાં આરોપી જામીન પર મુકત થયેલ છે અને આ અદાલત સમક્ષ હાજર થયેલ છે અને તેઓને સદરહુ કામનાં પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપીના કથનો રેકર્ડ કરતાં,  તેઓએ નકલો  મળ્યાનું  જાહેર  કરેલ છે. વધુમાં, આ કામે આંક– ૮ થી આરોપીનો જવાબ લેવામાં આવેલ છે, જેમાં તેઓ નામદાર સેશન્સ અદાલત, ભુજ–કચ્છ સમક્ષ સ્વખર્ચે વકીલ રોકીને તેમનો બચાવ કરશે એવું પણ જણાવેલ છે.

(૩) આ કેસમાં આરોપી સામે મુકવામાં આવેલ બી.એન.એસ.કલમ ૧૦૫ ના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટેની સત્તા કેવળ નામ. શ્રી સેશન્સ કોર્ટને રહેલી હોઈ, આ કેસ ચલાવવા અત્રેની અદાલતને હકુમત પહોંચતી ન હોઈ, સદરહુ કેસ નામદાર શ્રી સેશન્સ કોર્ટ, ભુજ–કચ્છ મધ્યે કમીટ કરવો યોગ્ય અને ન્યાયી જણાઈ આવતું હોઈ, ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**–: હુકમ :–**

૧). આ કેસ બી.એન.એસ.એસ.ની કલમ : ૨૩૨ અન્વયે નામદારશ્રી સેશન્સ કોર્ટ, ભુજ– કચ્છ ને કમીટ કરવામાં આવે છે.

૨). આ કામનો તમામ મુદામાલ તેમજ આ કામનું સમગ્ર રેકર્ડ નામદાર સેશન્સ કોર્ટ, કચ્છ–ભુજને ત્વરીત મોકલી આપવું.

૩). સદરહુ કામ કમીટ થયા અંગેની નોટીશ પબ્લીક પ્રોસીકયુટરશ્રી, કચ્છ – ભુજને કરવી.

૪). આ કામના આરોપી જામીન ઉપર મુકત થયેલ હોઈ, તેઓને નામદાર સેશન્સ કોર્ટ, કચ્છ – ભુજમાં તા.૨૧/૫/૨૦૨૬ ના રોજ હાજર રહેવાની જાણ કરવામાં આવેલ છે.

આજ રોજ તા.૨૦ મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા.૨૦/૪/૨૦૨૬
ભુજ–કચ્છ.

**( આર. એસ. સીંગલ )**
ચોથા અધિક ચીફ જયુ.મેજી.
ભુજ–કચ્છ.
જી.જે.૦૧૪૧૦